ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

PGVCL

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

PGVCL

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૬૧/૨૩-૨૪/ 28. તારીખ : 11 JAN 2024

**આર.પી.એ.ડી.**

કેસ નં.૬૧/૨૩-૨૪

પ્રતિ,
**શ્રી ચૌહાણ બકુલભાઈ બી,**
પ્લોટ નં-૮૪૩, એ-૨,
મહીલા કોલેજ પાછળ, તિલકનગર,
ભાવનગર.

મો.નં- ૭૬૯૮૨૧૮૨૭૭

**વિષય : ઔધોગીક વીજ જોડાણમાં લોડ ઘટાડો ન કરી ગેરકાયદેસર રીતે રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.નીલ જે અત્રેની કચેરીને મળ્યા તા.૦૭/૧૨/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૨૩-૨૪/૧૫૭૮ તા.૧૩/૧૨/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૨૩-૨૪/૧૫૮૨ તા.૧૪/૧૨/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૯/૧૨/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

**પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,**
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) **નાયબ ઈજનેરશ્રી,** પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વલ્લભીપુર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૬૧/૨૩–૨૪**

વાદી :– **શ્રી ચૌહાણ બકુલભાઈ બી.**

**વિરૂધ્ધ**

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

**રજુઆતની તારીખ:– તા.૨૯/૧૨/૨૦૨૩**

વાદી હાજર રહયા :– શ્રી ચૌહાણ બકુલભાઈ બી તેમજ શ્રી હેમંતકુમાર સુભાષભાઈ જેઠવા **(વાદી પોતે તેમજ તેમના અધિકૃત પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– **શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર. (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ચૌહાણ બકુલભાઈ બી, મું.ભાવનગર, તા.જી.ભાવનગરની ઔધોગીક વીજ જોડાણમાં લોડ ઘટાડો ન કરી ગેરકાયદેસર રીતે રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૬૧/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૬૧/૨૩–૨૪/૧૫૭૮ તા.૧૩/૧૨/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૯/૧૨/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી પોતે શ્રી ચૌહાણ બકુલભાઈ બી તેમજ તેમના અધિકૃત પ્રતિનિધિ શ્રી હેમંતકુમાર સુભાષભાઈ જેઠવા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.એલ.પટેલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

**વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

જય ભારત સાથ જણાવવાનું કે હું વલ્લભીપુર સબ ડીવીઝનમાં ગ્રાહક નંબર–૩૬૬૯૧/૫૫૦૫૫/૨ સર્વે નંબર– ૫૦ પૈકી ૧૧/૨૬, કોટડા ગામે જીગા ઉછેર માટેનું ઔધોગીક કનેકશન ધરાવું છું. મારી વિગત વાર ફરીયાદ નીચે મુજબ છે.

૧.૧ મારા ઔધોગીક કનેકશનમાં લોડ ઘટાડા ( કુલ ૪૦– ઘટાડો ૨૫ =૧૫ ) માટે મે વલ્લભીપુર ઓફીસે નિયમ મુજબ ફોર્મ ભરી રજીસ્ટ્રેશનના રૂ.૪૭૨/– QP-065909 તા.૧૯.૦૯.૨૦૨૨ ના રોજ ભરપાઈ કર્યા હતા. અને ત્યાં સુધીનું છેલ્લું લાઈટબીલ રૂ.૭૪૫૦/– ભરપાઈ કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૨ ત્યારબાદ, વારંવાર ઓફીસે પુછપરછ કરતા જણાવ્યું કે, તમારૂં કનેકશન ચેક કરવા માટે આવશે, ત્યાર પછી લોડ ઘટાડા ની અસર આવશે.

૧.૩ પરંતુ, અમારે ત્યાં કોઈ કનેકશન ચેક કરવા માટે આવ્યા ન હતા.

૧.૪ વધુમાં, માર્ચ– ૨૦૨૩ માં બીલ ની બાકી રકમ ભરપાઈ કરવા માટે ટેલીફોનીક અમારો સંપર્ક કરવામાં આવેલ ત્યારે અમો લોડ ઘટાડા માટે પુછતા અમને એવું જણાવવામાં આવ્યું કે, તમે ટેસ્ટ રીપોર્ટ જમા કરાવી જાવ એટલે અમે લોડ ઘટાડાની અસર આપી શકીશું. જેથી કરીને અમારે અમારા વાયરીંગમાં કે લોડમાં કોઈ ફેરફાર ન હતો છતાં, અમોએ ટેસ્ટ રિપોર્ટ વલ્લભીપુર ઓફીસે રજુ કરેલ હતો. જેની કોઈ રસીદ કરવામાં આવેલ નથી. અમોએ જણાવેલ કે લોડ ઘટાડા ની રકમ બાદ કર્યા બાદ અમારે જે બીલ ભરવાનું હશે એ અમો ભરી દઈશું. પણ ત્યારબાદ અમોને કોઈ સુધારેલું બીલ ભરવા માટે અમને જણાવવા માં આવેલ નંથી.

૧.૫ ત્યારબાદ, અમારા દ્વારા બીલ આવતું ન હોવાથી વલ્લભીપુર ઓફીસે તપાસ કરતાં અમોને જાણવા મળેલ કે તમારૂં કનેકશન રદ કરી દેવામાં આવેલ છે.

૧.૬ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ ના વિધુત જાહેરનામાં ક્રમાંક–૪/૨૦૧૫ માં દર્શાવ્યા મુજબ અમોએ લોડ ઘટાડા માટે ફોર્મ ભરીને અરજી કરેલ છે. પરંતુ, વલ્લભીપુર ઓફીસ દ્વારા નિયમ મુજબ દિવસ–૧૦ માં લોડ ઘટાડા માટેની કાર્યવાહી કરવી જોઈએ તે કરેલ નથી.

૧.૭ તેમજ અમો સુધારેલું બીલ ભરવા તૈયાર હતાં છતાં અમારી જાણ બહાર અમારૂં ઔધોગીક કનેકશન કેન્સલ કરી દીધુ છે.

ઉપરોકત તમામ ફરિયાદ ના આધારે અમારી વિનંતી નીચે મુજબ છે.

A. અમોએ તા.૧૯.૦૯.૨૦૨૨ થી ઔધોગીક કનેકશનમાં લોડ ઘટાડા (કુલ ૪૦–ઘટાડો ૨૫=૧૫ ) ની અરજી કરેલ હોય, અમારો લોડ ઘટાડો, ઓકટોબર–૨૦૨૨ થી મંજુર કરવામાં આવે, ત્યારબાદ ના તમામ બીલો ઘટાડેલા લોડ મુજબ સુધારી આપવામાં આવે. જે ભરપાઈ કરવા અમો તૈયાર છીએ.

B. અમારી ડીપોઝીટ રૂા.૧,૨૫,૪૩૫/– જમા છે તેમાંથી ઘટાડેલા લોડ મુજબની ડીપોઝીટ રાખી બાકીની રકમનો અમોને ચેક આપવામાં આવે.

C. અમારૂં ઔધોગિક કનેકશન ગેરકાયદેસર રીતે કેન્સલ કરવામાં આવેલ છે તેને કોઈપણ વધારાનો ચાર્જ ભરાવ્યા સિવાય ફરીથી ચાલુ કરી આપવામાં આવે.

તેમ જ ઉપરોકત ફરિયાદની રજુઆત માટે મારા વતી મારા ભત્રીજા શ્રી હેમંતભાઈ જેઠવા ને રજુઆત કરવા માટે મંજુરી આપવા મારી નમ્ર વિનંતી છે. લોડ ઘટાડા ના ફોર્મ ની કોપી અને રજીસ્ટ્રેશન રસીદ ની કોપી આ સાથે સામેલ છે. મારી ફરિયાદ નો તાત્કાલિક નિકાલ લાવવા વિનંતી.

**<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧** ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, અરજદાર શ્રી બકુલભાઈ બી ચૌહાણ ગ્રાહક નં–૩૬૬૯૧/ ૫૫૦૫૫/૨, LTMD નું ૩ ફેઈઝ, ૪૦.૦૦ કિલોવોટનું વીજ જોડાણ ધરાવતા હતા. પરંતુ, સદર વીજ જોડાણમાં તેઓ વીજબીલના નાણાં સમયસર ભરપાઈ ના કરતા તેમજ વપરાયેલ વીજ વપરાશ અંગેના વીજબીલ નાણાં ઘણા લાંબા સમયથી બાકી હોવાથી કંપનીના નિયમાનુસાર વીજ મીટર તા.૨૭.૦૩.૨૦૨૩ ના રોજ ઉતારી લેવામાં આવેલ હતું.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**વીજ જોડાણ રદ કરવા અંગે**

સદર ગ્રાહક નંબર–૩૬૬૯૧/૫૫૦૫૫/ર અંગે ઓફીસ રેકોર્ડની ખરાઈ કરતાં છેલ્લું પેમેન્ટ તા. ૩૦.૦૭. ૨૦૨૨ ના રોજ થયેલ હતું. ત્યારબાદ, કોઈપણ વીજબીલ સદર ગ્રાહક દ્વારા ભરપાઈ કરવામાં આવેલ ન હોય અને કંપનીના વીજબીલ પેટે રૂા.૨૧,૪૮૭/– બાકી હોવાથી વીજ જોડાણ કાયમી ધોરણેરદ કરવામાં આવેલ અને તે જ દિવસે મીટર ઉતારી લેવામાં આવેલ.

**લોડ ઘટાડા અંગે:**

સદર વીજ જોડાણમાં ગ્રાહક દ્વારા તા.૧૯.૦૭.૨૦૨૨ ના રોજ આપના ૪૦.૦૦ કિલોવોટ વીજલોડ માંથી ઘટાડી ૧૫.૦૦ કિલોવોટ વીજલોડ કરવા માટે અરજી કરેલ. જે અંગે તા.૧૬.૧૨.૨૦૨૨ ના રોજ સ્થળ તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરેલ તેમજ તા.૦૪.૦૨.૨૦૨૩ ના રોજ ડીવીઝન ઓફીસ દ્વારા સદર દરખાસ્તની મંજુરી આપવામાં આવેલ. જેનો SR નં.૧૫૩૦૦૧૩૪ છે. પરંતુ, જે તે સમયે નવો ટેસ્ટ રીપોર્ટ ગ્રાહક દ્વારા રજુ કરવામાં આવેલ નહી જેથી વીજ લોડ ઘટાડાની આગળની કાર્યવાહી થઈ શકેલ નથી.

આમ, સદર બંને કાર્યવાહી કંપનીના નિયમાનુસાર કરવામાં આવેલ છે. જે આપની નમ્ર જાણ સારૂ.

☛ **ફોરમનું તારણ :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી બકુલભાઈ બી ચૌહાણ ગ્રાહક નં–૩૬૬૯૧/૫૫૦૫૫/ર થી LTMD નું ૩ ફેઈઝ કનેકશન ૪૦ કિલોવોટ નું વીજજોડાણ ગામ કોટડા ખાતે ધરાવે છે. જેમાં, પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા સમયમર્યાદામાં લોડ ઘટાડો ન કરતાં તેમજ જાણ બહાર કનેકશન PDC કરતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીની રૂબરૂ સુનાવણી આજરોજ તા.૨૯.૧૨.૨૦૨૩ ના રોજ રાખવામાં આવેલ, જેમાં વાદી તેમજ પ્રતિવાદી એ હાજર રહી રજુઆતો કરેલ છે.

૩.૩ પ્રસ્તુત કેસની વિગત મુજબ વાદી દ્વારા તેમના LTMD કનેકશનમાં ૪૦ કિલોવોટ થી ૨૫ કિલોવોટ ઘટાડી,૧૫ કિલો વોટ કરી આપવા બાબતની અરજી તા.૧૯.૦૯.૨૦૨૨ ના રોજ પ્રતિવાદી ની કચેરીમાં કરવામાં આવેલ, જે અંગેનો રજીસ્ટ્રેશન ચાર્જ તેમજ જે તે સમયે છેલ્લું લાઈટબીલ પણ ભરી આપેલ છે. પરંતુ, ત્યારબાદ તપાસ કરવા છતાં પણ પ્રતિવાદી ની કચેરી દ્વારા લોડ ઘટાડો કરી આપેલ નહી તા.૨૭.૦૩.૨૦૨૩ના રોજ બીલ ની રકમ બાકી હોઈ, કનેકશન કાયમી ધોરણે રદ કરી નાંખેલ છે.

૩.૪ આ તબકકે ફોરમને જણાય છે કે વાદીના લોડ ઘટાડા અંગે પ્રતિવાદીએ સમયમર્યાદામાં કાર્યવાહી કરેલ નથી. પ્રતિવાદીને તેમની વિભાગીય કચેરીમાંથી તા.૦૪.૦૨.૨૦૨૩ ના રોજ મંજુરી મળી ગયેલ હોવા છતાં પણ વાદીને ટેસ્ટ રીપોર્ટ રજુ કરવા કોઈ જાણ સમયસર કરેલ નહી, જેને કારણે વાદી માર્ચ–૨૩ સુધી ટેસ્ટ રીપોર્ટ રજુ કરી શકેલ નહીં.

૩.૫ વધુમાં વાદીના બાકી લેણાંની રકમ રૂા.૨૧,૪૮૭/– સામે પ્રતિવાદીએ તા.૨૭.૦૩.૨૦૨૩ ના રોજ કનેકશન રદ કરી તે જ તારીખે PDC કરી નાંખેલ છે. એટલે કે વાદીનું જોડાણ કાયમી ધોરણે રદ કરતા પહેલા કોઈ નોટીસ વાદીને આપી જાણ કરેલ નથી. જે જી.ઈ.આર.સી.ના સપ્લાય કોડ નોટી. ન. ૩/૨૦૧૫ ના ક્લોઝ ન. ૮.૪ અને ૮.૬ મુજબ ની ના હોઈ નિયમ વિરૂધ્ધ છે.

૩.૬ ઉપરોકત તારણો, રેકર્ડ અને રજૂઆતોને ધ્યાને લેતાં, ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે પ્રતિવાદીએ વાદીનું વીજ જોડાણ કોઈ પણ જાતના અન્ય પુરાવા માંગ્યા સિવાય દિન સાત

Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

પુન: જોડાણ કરી આપવાનું રહેશે તદ્દુપરાંત પ્રતિવાદી દ્વારા તા.૧૯.૦૯.૨૨ થી લોડ ઘટાડાની અસર ગણવી ને તે મુજબ બિલીંગ ની ગણતરી કરવાની રહેશે. સુનાવણી દરમ્યાન જાણવા મળેલ છે તે મુજબ ગ્રાહકની અનામત રકમ સરભર કરી દેવામાં આવેલ છે. તો નવીન ભરવાપાત્ર અનામત રકમ વસુલ કરવી.

તદ્દુપરાંત ગ્રાહક સેવામાં ખામી સબબ પીજીવીસીએલ સ્તરે આ બાબતના જવાબદાર કર્મચારી સામે ધોરણસરની કાર્યવાહી કરીને ફોરમને જાણ કરવાની રહેશે.

**–:: હુકમ ::**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૬ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રી જે.એમ મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
**(બી.આર.વડાવીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૨૯/૧૨/૨૦૨૩.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar